# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

Accredited with Grade “A” by NAAC



## શિક્ષણ દ્વારા જીવન ઘડતર

**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ,**
**ગૂજરાત વિદ્યાપીઠ પરિસર: રાંધેજા,**
**તા. જિ. ગાંધીનગર—૩૮૨ ૬૨૦**

ઈ.સ. ૧૯૨૦માં મહાત્મા ગાંધી સ્થાપિત, ગાંધી વિચાર આધારીત જીવન ઘડતરની તાલીમ, ઉદ્યોગો દ્વારા સ્વાવલંબનની કેળવણી અને છેવાડાના વ્યક્તિઓને કેન્દ્રમાં રાખી શિક્ષણ આપતી એક માત્ર સંસ્થા...

ગૂજરાત વિદ્યાપીઠ ૨૦૧૭ થી ગ્રામિણ વિકાસ માટે કામ કરતી વિવિધ સરકારી, અર્ધ સરકારી, સહકારી, કંપની અંતર્ગત સીએસઆરની કામગીરી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં આયોજન સંબધી કાર્ય માટેની જરુરિયાતની માંગને ધ્યાન પર લઇ સ્નાતક કક્ષાનો નવો અભ્યાસક્રમ શરુ કરી રહી છે.

## પ્રવેશ-2017

# બી.આર.એસ (ગ્રામ આયોજન અને વિકાસ)

# BRS (Rural Planning and Development)

કોઈપણ વિદ્યાશાખાના એચ.એસસી (ધોરણ—૧૨) પાસ કરેલ હોય તેમના માટે સ્નાતક કક્ષાનો ૬ —સત્ર ( ૩—વર્ષ) અને ક્રેડિટ સિસ્ટમ આધારિત **(BRS)** અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા વહેલા તે પહેલા ધોરણે ચાલુ છે.
(ભાઈઓ અને બહેનો માટે)

| | |
|---|---|
| ફેકલ્ટી | વિદ્યાર્થીઓને સમજી શકે તેવા યોગ્ય લાયકાત, જ્ઞાન અને અનુભવ ધરાવતા પૂર્ણ સમયના અધ્યાપકો છે, જે ખંત, રસ અને નિષ્ઠાપૂર્વક વિદ્યાર્થીઓના સર્વાંગિણ વિકાસ માટે પૂરતો પ્રયત્ન કરે છે. આ ઉપરાંત સમયાંતરે માર્ગદર્શન માટે સમાજના વિવિધ ક્ષેત્રના તજજ્ઞોને બોલાવવામાં આવે છે. |
| કમ્પ્યૂટર સેન્ટર | પરિસર આધુનિક કમ્પ્યૂટર નેટવર્કિંગથી સજ્જ છે. કલાયન્ટ સર્વર આધારિત 90 કમ્પ્યૂટર ધરાવતી આધુનિક વિશાળ લેબ, ગુજરાત વિદ્યાપીઠના ત્રણેય કેન્દ્રને જોડતું ૧૦૦ એમબીપીએસની ઝડપ ધરાવતુ ઈન્ટરનેટ નેટવર્ક તથા ફાઈબર નેટવર્ક, ભાષા પ્રયોગશાળા, પરિસર પર વાઈ-ફાઈ જોડાણ ઉપલબ્ધ છે. |
| શૈક્ષણિક સાધનો | અભ્યાસક્રમને મદદરૂપ થવા માટે ટેલિવિઝન, ડી.વી.ડી., ઓડિયો સિસ્ટમ, મલ્ટી મિડીયા/ પ્રોજેક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. સાહિત્ય, કમ્પ્યૂટર ઇન્ટ્રાનેટ પોર્ટલ, સંશોધન અને ગ્રામીણ ક્ષેત્રને સાંકળતી વિવિધ વિષયની સીડીઓ નો સમાવેશ થાય છે. ઉદ્યોગ તાલીમ અંતર્ગત અંર, એમ્બ્રોઈડરી, સિલાઈ મશીન, ફાઈલ મેકિંગ, કિચન ગાર્ડન અને વિવિધ સ્વરોજગાર કે ઉદ્યોગ સાહસિક બનવા માટેની તાલીમની પૂરતી જોગવાઈ ઉપલબ્ધ છે. |
| છાત્રાલય | સંસ્થા પાસે પરિસર પર ભાઈઓ અને બહેનો માટેની અલગ અદ્યતન છાત્રાલય વ્યવસ્થા છે. છાત્રાલય નિવાસ ફરજીયાત છે. છાત્રાલયમાં ઈન્ટરનેટ સહિતની કમ્પ્યૂટર લેબની તથા વાઇ-ફાઇની સુવિદ્યા. |
| વ્યકિતત્વ વિકાસ | અભ્યાસક્રમની સાથે સાથે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. ઉદ્યોગ શિક્ષણ, સામાન્યજ્ઞાન કસોટી, સ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી માહિતી, અભિવ્યક્તિકળા તથા સામાજિક- સાંસ્કૃતિક પ્રવૃત્તિ. અભ્યાસ દરમ્યાન ગ્રામજીવન પદયાત્રા, રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ શિબિર, સેમિનાર, વિવિધ સંસ્થાની મુલાકાત, સ્પોકન અંગ્રેજી, સર્જનાત્મક તાલીમ દ્વારા સર્વાંગિ ઘડતર કરવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવે છે. |
| અભ્યાસની તકો | ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ પુર્ણ કર્યા બાદ એમ.બી.એ (ગ્રામ વ્યવસ્થાપન) (MBA(RM)), સમાજકાર્ય (MSW), માનવ સંશાધન વિકાસ (MHRD), કમ્પ્યુટર (MCA/PGDCA), દ્રશ્ય શ્રાવ્ય નિર્માણ, પત્રકારત્વ, યોગ વિદ્યા તેમજ અન્ય યુનિર્વસીટી MRS ઉપરાંત વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની તકો રહેલી છે. તેમજ વિદ્યાપીઠ ખાતે અનુસ્નાતક પછી અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિના અભ્યાસમાં તકો રહેલી છે. |
| રોજગારીની તકો | આ અભ્યાસક્રમ પુર્ણ કરી વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉભી થાય તે માટે સંસ્થા દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. આ અભ્યાસક્રમ પુરો કરતા વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક સંસ્થાઓ, અર્ધ સરકારી કે સરકારી સંસ્થાઓ, નાના ઉદ્યોગો કે સહકારી ક્ષેત્રની સંસ્થાઓમાં રોજગારીની તકો ઉભી થાય છે. તેમજ ગ્રામીણ વિકાસના કાર્ય કરી શકે છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કરનાર સ્વરોજગારી પણ પ્રાપ્ત કરી શકે છે. |

ઓનલાઈન ફોર્મ ભરવા : http://www.gujaratvidyapith.org/ વેબ સાઇટ ઉપર જાવો.
અથવા
રાંધેજા ખાતે રૂબરૂ આવી પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

**સંપર્ક : (079) 23975428-902 મોબાઇલ : 98245 58540**